**<u>ચાર્જશીટ આંક–૧ લગત ક્રિ.પ્રો.કોડ કલમ–૨૫૮ અન્વયે હુકમ:–</u>**

સદર કામના આરોપી સામે પ્રોહીબીશન એકટની કલમ – ૬૬(૧) બી, ૮૫(૧) મુજબનું ચાર્જશીટ કરવામાં આવેલ. ત્યારબાદ અત્રેની અદાલત દ્વારા કેસ રેકર્ડ ધ્યાને લેતા આરોપી સામે પ્રોહીબીશન એકટની કલમ ૮૫(૧) મુજબના ગુન્હાના કોઈ તત્વો પ્રથમદર્શનીય રીતે જણાંય નહી આવતા આંક–૧ તળે હુકમ કરી આરોપીને પ્રોહીબીશન એકટની કલમ– ૮૫(૧) મુજબના ગુન્હા માંથી ડીસ્ચાર્જ કરેલ અને આરોપી સામે પ્રોહીબીશન એકટની કલમ – ૬૬(૧) બી મુજબના ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

પ્રોહીબીશન એકટની કલમ– ૬૬(૧)બી મુજબનો ગુન્હો સમન્સ ટ્રાયલ છે અને સદર કેસ ઘણો જુનો છે અને કેસ જુનો હોય સબબ કેસમા આરોપીને, જામીનદારને વારંવાર સમન્સ, વોરન્ટ અને નોટીસ કાઢી પોલીસ એજન્સી મારફત સમન્સ, વોરન્ટ અને નોટીસ બજવણી અર્થે મોકલવા છતાં સદર પ્રોસેસ ની બજવણી કરાવી, આરોપીને હાજર રખાવી કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં ફરીયાદપક્ષ નીષ્ફળ ગયેલ છે. ફરીયાદપક્ષે આરોપીને પ્રોસેસ બજવણીમાં સતત નીષ્કાળજી દાખવેલ છે. વધુમા આરોપીને હાલની કોર્ટે ફરી વોરંટ કાઢી બજવા સારુ ઓર્ડર કરેલ જેથી બજવણી કરી આરોપી નેશનલ લોક અદાલત મા હાજર રહી શકેલ નથી પરતુ વોરટ વગર બજે પરત આવેલ છે. આરોપી હાજર ન રહેતા સદર કેસ સહેજ પણ અગળ ચલાવી શકાયેલ નથી અને લાંબા સમયથી નીકાલ બાકી રહેલ છે અને ઘણો જુનો છે, તેમજ હવે ફરીયાદપક્ષને આરોપીને પ્રોસેસ બજવણી માટે વધુ તકો આપવી એ માત્ર નીરર્થક

કસરત બની રહે તેમ છે. તેમજ નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો રેનુકા વી.સ્ટેટ ઓફ કર્ણાટકા ના પર હાલની કોર્ટ આધાર રાખે છે. તે તમામ હકીકત અને સંજોગો માં સદર કેસ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ અન્વયે બંધ કરવો યોગ્ય, વ્યાજબી અને ન્યાયી જણાતુ હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**:: હુ ક મ ::**

૧. આથી સદર કેસ ક્રિ.પ્રો.કોડ કલમ ૨૫૮ અન્વયે બંધ કરી આરોપી ને બીન તહોમત મુકત કરવા હુકમ ફરમાવવામાં આવે છે.

૨. વધુમાં આરોપી જયારે પણ હાજર / રજુ થાય ત્યારે ફરીયાદપક્ષ ઈચ્છે તો આરોપી સામેનો હાલનો કેસ ફરી ખોલાવી શકશે.

હુકમ આજ તા.–૧૪ મી, માહે–સપ્ટેમ્બર સને–૨૦૨૪ ના રોજ નેશનલ લોક અદાલત આયોજીત સ્પે. સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ–૧૪/૦૯/૨૦૨૪
સ્થળઃ– બોટાદ

**(રવિન્દ્ર કુમાર)**
બીજા એડી. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
બોટાદ
કોડ નં. જી.જે.૦૧૭૧૩